કેસ દાખલ તારીખઃ૦૯/૦૪/૨૦૦૩
રજી.થયા તારીખઃ૦૯/૦૪/૨૦૦૩
ફેસલ કર્યા તારીખઃ૧૫/૦૨/૨૦૨૫
સમય ગાળોઃવર્ષ.... માસ..... દિવસ...

અમદાવાદ શહેરના મહે.૩૯માં, એડી.ચીફ.જ્યુડિશીયલ મેજીસ્ટ્રેટ સાહેબશ્રીની
કોર્ટ નંબરઃ૦૯ ,મુ.અમદાવાદ શહેર

ક્રિ.કે.નંબરઃ૫૦૫/૨૦૦૩
આંકઃ...

ફરીયાદીઃ– શ્રી સરકાર.

વિરૂધ્ધ.

આરોપીઃ– **નં.૧.** વશરામભાઈ કાનજીભાઈ વાઘરી
**નં.૨.** અનું વશરામભાઈ વાઘરી
રહેવાસીઃપ્રગતિનગર ઓકટ્રોય નાકાની બાજુમાં,
રેલ્વે ટ્રેકની પાસે, નારણપુરા, અમદાવાદ.

**નં.૩.** રાજુભાઈ ભીખાભાઈ વાઘરી
રહેવાસીઃ સુરેન્દ્રનગર રતનપુર ફાટકની બાજુમાં ઝુપડામાં,
સુરેન્દ્રનગર.

**નં.૪.** ધારસીંગ S/O બાબુભાઈ વાઘરી
રહેવાસીઃનડીયાદ કોલેજ રોડ, કિસાન સમોસાના ખાંચામાં,
દેવભુમી સોસાયટી પાછળ, નડીયાદ.

ગુનોઃ ઈ.પી.કો.કલમઃ૩૨૩,૩૨૪,૧૧૪ તથા બી.પી.એક્ટની
કલમઃ૧૩૫(૧) મુજબ.

## – ચુ કા દો –

૧. ફરીયાદપક્ષનાં કેસની ટૂંકમાં હકીકત એવી છે કે, આ કામના આરોપીઓએ તારીખઃ૮/૨/૨૦૦૩ ના કલાકઃ૨૦-૦૦ વાગે નવાવાડજ ઓકટ્રોય નાકા સામે આરોપી નં.૧.ની બહેન આ કામના ફરીયાદીની માતા થતી હોય અને તેને ફરીયાદીના પિતાજી ના લાવતા હોય જેની અદાવત રાખી ફરીયાદી તથા સાહેદ નં.૨.નાને લોખંડની પાઈપ મારી જાહેરનામાનો ભંગ કરી ગુનો કરેલ હોવા બાબતની ફરીયાદ, ફરીયાદીએ આરોપીઓ વિરૂધ્ધ નોંધાવતા ફરીયાદનાં આધારે તપાસનીસ અધિકારીશ્રીએ કાયદેસરની તપાસ કરતા તપાસના કામે લાગતા વળગતા સાહેદોના નિવેદનો લિધેલા, જરૂરી પંચનામાં કરેલ તપાસના અંતે આરોપીઓ સામે પૂરતો પુરાવો મળી આવતાં ચાર્જશીટ દાખલ કરેલ છે.

૨. આ કામનાં આરોપીઓ જામીન મુકત હોય તેઓને પ્રોસેસની બજવણી કરવા છતાં આરોપીઓ લાંબા સમયથી મળી આવતા ન હોય જેથી મારા પુરોગામી મેજીસ્ટ્રેટ સાહેબશ્રીએ આંકઃ૦૧ લગત હુકમ કરી, સદર કેસ ડોરમેન્ટ ફાઈલે નોંધવાનો હુકમ કરી, આરોપીઓ સામે સમયાંતરે વોરંટ કાઢવાનો હુકમ કરેલ છે ત્યારબાદ આરોપીઓ સામે સમયાંતરે વોરંટ ઈસ્યુ કરવામાં આવતા આરોપી નં.૦૨ તથા ૦૩ નાઓ નામદાર કોર્ટમાં હાજર થતા તેઓને ક્રિ.પ્રો.કોડની કલમઃ૨૦૭ મુજબ વિનાં મૂલ્યે પોલિસ પેપર્સની નકલો પુરી પાડવામાં આવેલ છે. ત્યારબાદ બંને આરોપીઓ સામે ગુના સબબે તહોમતનામુ ફરમાવવામાં આવેલછે તેમજ ગુના સબબે પ્લી નોંધવામા આવતા ગુનો કબુલ નહી હોવાનુ જણાવેલ છે. જ્યારે આ કામના અન્ય આરોપી નં.૩,૪ નાઓ લાંબા સમયથી નામદાર કોર્ટમાં હાજર રહેતા ન હોય મળી આવતા ન હોય જેથી તેઓ પુરતો કેસ આંકઃ૦૧ લગત હુકમ કરી, તેઓની ગેરહાજરીમાં ફરીયાદપક્ષનો પુરાવો

નોંધવાનો હુકમ કરી કેસની ઈન્સાફી કાર્યવાહી આગળ હાથ ધરવામાં આવેલ છે.

૩. ફરીયાદપક્ષ તરફથી તેમના કેસના સમર્થનમાં નીચે મુજબના પુરાવાઓ રજુ કરવામાં આવેલ છે.

| મૌખિક પુરાવાઓ | | |
|---|---|---|
| અ.નં. | પુરાવાનું વર્ણન | આંક |
| ૧ | તપાસ કરનાર અમલદાર શનાભાઈ મુળાભાઈ પરમારની જુબાની | ૧૩ |

૪. સદર કામનું કેસ રેકર્ડ ધ્યાને લેવામા આવે તો આ કામના ફરીયાદી તથા અન્ય સાહેદોને નામદાર કોર્ટ દ્ધારા જરૂરી પ્રોસેસો અવારનવાર ઈસ્યુ કરેલા છે પરંતુ તેવા સાહેદોને પોલીસ મશીનરી અત્રેની અદાલત સમક્ષ હાજર રાખવામાં સફળ નિવડેલ નથી. આમ, ફરીયાદપક્ષના સાહેદોને જરૂરી પ્રોસેસ કરવા છતા મળી આવેલ નથી જેથી તેવા સાહેદોને ફરીયાદપક્ષ તપાસી શકેલ નથી. ફરીયાદપક્ષનો પુરાવો ધ્યાને લેતા આ કામના આરોપીનુ વિશેષમાં નિવેદન નોંધવામાં આવતા આરોપીએ ફરીયાદપક્ષના આક્ષેપોની હકિકતોનો ઈન્કાર કરેલ છે. ત્યારબાદ બંને પક્ષકારોના વિ.વ.શ્રીની મૌખિક દલીલો સાંભળી.

૫. ફરીયાદપક્ષ તરફથી રજુ થયેલા પુરાવાઓ ધ્યાને લેતા કોર્ટ સમક્ષ આ કેસનાં આખરી નિર્ણય સારૂ નીચે મુજબ મુદ્દા ઉપસ્થિત થાય છે.

## **– મુદ્દા –**

૧. શું ફરીયાદપક્ષ નિશંકપણે પુરવાર કરે છે કે, આ કામના આરોપીઓએ તારીખઃ૮/૨/૨૦૦૩ ના કલાકઃ૨૦–૦૦

વાગે નવાવાડજ ઓકટ્રોય નાકા સામે આરોપી નં.૧.ની બહેન આ કામના ફરીયાદીની માતા થતી હોય અને તેને ફરીયાદીના પિતાજી ના લાવતા હોય જેની અદાવત રાખી ફરીયાદી તથા સાહેદ નં.૨.નાને લોખંડની પાઈપ મારી જાહેરનામાનો ભંગ કરી ઈ.પી.કો.કલમઃ૩૨૩,૩૨૪,૧૧૪ તથા બી.પી.એક્ટની કલમઃ૧૩૫(૧) મુજબનો ગુનો કરેલ છે ?

૨. શું હુકમ ?

૬. ઊપરોકત મુદ્દાનાં કારણો નીચે મુજબ છે.

૧. નકારમાં.

૨. આખરી હુકમ મુજબ.

– ન્યાય નિર્ણય માટેનાં કારણો –

મુદ્દા નંબરઃ૦૧.

ફરીયાદપક્ષ તરફથી આરોપીઓ વિરૂદ્ધ ઈ.પી.કો.કલમઃ૩૨૩, ૩૨૪, ૧૧૪ તથા બી.પી.એક્ટની કલમઃ૧૩૫(૧) મુજબનાં ગુના અંગેની ઈન્સાફી કાર્યવાહી હાથ ધરવામાં આવેલ છે. કાયદાનાં પ્રસ્થાપિત સિદ્ધાંતો મુજબ ફરીયાદપક્ષે આરોપીઓ વિરૂદ્ધનો ગુનો વ્યાજબી શંકારહિત પુરવાર કરવાનો હોય છે જે માટે પુરાવાનો સમગ્ર બોજો ફરીયાદપક્ષનાં શીરે રહેલો હોય છે તેમજ ફરીયાદપક્ષે રજુ થયેલા પુરાવાઓનું ઝીણવટભરી રીતે તેમજ તુલનાત્મક મુલ્યાકન કરી કેસનાં ન્યાય નિર્ણય ઊપર પહોચવાનું રહે છે.

૭. ફરીયાદપક્ષ તરફથી તેમનો કેસ પુરવાર કરવા સારૂ આંકઃ૧૩ થી તપાસ કરનાર અમલદાર શનાભાઈ મુળાભાઈ પરમારને તપાસવામાં આવેલા છે તેઓ જણાવે

છે કે, સને ૨૦૦૩ માં નારણપુરા પો.સ્ટે.માં નવાવાડજ પોલીસ ચોકીમાં હાજર હતા તે દરમ્યાન ફસ્ટ ગુ.ર.નં.૯૩/૨૦૦૩ ની તપાસ મળતા ફરીયાદીનુ નિવેદન તથા લાગતા વળગતા સાહેદોના નિવેદનો લિધેલા આરોપી સામે પુરતા પુરાવા મળી આવતા ચાર્જશીટ કરેલ. આરોપીઓને જોયેથી ઓળખી શકે નહી.

સદર સાહેદની આરોપીના વિ.વ.શ્રી દ્વારા ઉલટતપાસ કરવામાં આવેલ છે તે દરમ્યાન સાહેદે એ વાતનો સ્વિકાર કરેલ છે કે, આ ગુનાની પુર્ણ તપાસ અમોએ કરેલ નથી માત્રે બે નિવેદન લિધેલ. આ વાત ખરી છે કે, અમોએ સ્વતંત્ર સાહેદોના નિવેદનો લિધેલ નથી. એ વાત ખરી છે કે, અમો બનાવવાળી જગ્યાએ તપાસ કરવા માટે ગયેલા નથી.

૮. ફરીયાદપક્ષે પડેલ પુરાવો જોવામાં આવે તો આ કામે ફરીયાદપક્ષ દ્વારા એક માત્ર સાહેદ તપાસ કરનાર અમલદાર શનાભાઈ મુળાભાઈ પરમારને તપાસવામાં આવેલા છે તેઓના પુરાવો ધ્યાને લેવામાં આવે તો સદર ગુનાની તપાસ કરેલ તપાસ દરમ્યાન સાહેદોના નિવેદનો લિધેલા આરોપીઓ સામે પુરતો પુરાવો મળી આવતા ચાર્જશીટ કરેલ હોવાનુ જણાવે છે. પરંતુ જે સાહેદોના નિવેદનો લિધેલા તેવા પૈકીના એકપણ સાહેદને નામદાર કોર્ટ સમક્ષ હાજર રાખી ફરીયાદપક્ષ તપાસી શકેલ નથી. વળી, આ કામે તપાસ કરનાર અમલદારે એ વાતનો સ્પષ્ટપણે સ્વિકાર કરેલ છે કે, તપાસના કામે તટસ્થ સાહેદોના નિવેદનો મેળવેલા નથી. આમ, ફરીયાદપક્ષ જે સાહેદોના નિવેદનના આધારે ચાર્જશીટ કરેલા તેવા સાહેદો પૈકીના એકપણ સાહેદને નામદાર કોર્ટ સમક્ષ હાજર રાખી પુરાવો આપવામાં સફળ નિવડેલ ન હોય તેવા સંજોગોમાં સદર તપાસ કરનાર અમલદારની જુબાની નામમાત્ર રહી જવા પામેલ છે. તપાસ

કરનાર અમલદારની જુબાની ધ્યાને લેતા તેઓએ તેમની જુબાની ફરજના ભાગરૂપે આપેલ હોવાની હકિકત પુરવાર થાય છે. આમ, તપાસ કરનાર અમલદારના પુરાવાને અન્ય સાહેદોના પુરાવાથી સમર્થન પ્રાપ્ત થતુ ન હોય તેવા સંજોગોમાં તપાસ કરનાર અમલદારના પુરાવા ઉપર આધાર રાખવો ન્યાયોચીત જણાઈ આવતો નથી. વધુમાં સદર કામનુ કેસ રેકર્ડ ધ્યાને લેવામાં આવે તો આ કામે મહત્વના એવા સાહેદ ફરીયાદી  તથા અન્ય સાહેદોને નામદાર કોર્ટ દ્વારા જરૂરી પ્રોસેસો ઈસ્યુ કરેલા છે પરંતુ તેવા સાહેદોને ફરીયાદપક્ષ હાજર રાખી પુરાવો આપવામાં સફળ નિવડેલ ન હોય તેના કારણે ફરીયાદપક્ષના કેસને મરણતોલ ફટકો પડેલ છે. આમ, ફરીયાદપક્ષ દ્વારા એક માત્ર સાહેદ એવા તપાસ કરનાર અમલદારના પુરાવાના આધારે આ કામના આરોપીઓ સામે મુકવામાં આવેલ આક્ષેપીત ગુનામાં આરોપીઓને કસુરવાર ઠરાવી શકાય તેમ ન હોય જેથી ઉપરોક્ત કરેલ ચર્ચાનુસાર મુદ્દા નંબરઃ૦૧ નો જવાબ નકારમાં આપવામાં આવેલ છે. જ્યારે મુદ્દા નંબરઃ૦૨ પરત્વે ન્યાયના હિતમાં નીચે મુજબનો આખરી હુકમ ફરમાવવામાં આવે છે.

## – હુ ક મ –

૧. આ કામનાં આરોપીઓને ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમઃ૨૪૮(૧) અન્વયે ઈ.પી.કો.કલમઃ૩૨૩,૩૨૪,૧૧૪ તથા બી.પી.એક્ટની કલમઃ૧૩૫(૧) મુજબનાં ગુનામાંથી ફરીયાદપક્ષે જરૂરી પુરાવા રજુ નહી થવાના કારણે છોડી મુકવામાં આવે છે.

૨. આરોપીઓએ કરી આપેલ જાત મુચરકા અને જામીનદારોએ કરી આપેલ

જામીનખત રદ્દ કરવામા આવતા નથી પરંતુ આ ચુકાદા સામે અપીલ થાય તો અપીલ કોર્ટમાં હાજર રહેશે તે રીતનાં છ માસ માટે ક્રિ.પ્રો.કોડની કલમઃ૪૩૭(એ) અન્વયે જાત–મુચરકા અને જામીનખત ચાલુ રાખવામા આવે છે.

૩. મુદ્દામાલ પાવતીમાં દર્શાવેલ મુદ્દામાલ અપીલ સમય વિત્યા બાદ નાશ કરવાનો હુકમ કરવામાં આવે છે.

સદરહુ હુકમ આજ તારીખઃ૧૫મી, માહે ફેબ્રુઆરી, સને ૨૦૨૪ નાં રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી સહી કરી જાહેર કર્યો.

મુકામઃઅમદાવાદ શહેર
તા.૧૫/૦૨/૨૦૨૫

(દેવાંગ ચંદ્રવદન રાવલ)
૩૯માંએડી.ચીફ.જ્યુડિશીયલ મેજીસ્ટ્રેટ
કોર્ટ નંબરઃ૦૯,અમદાવાદ શહેર
જજ કોડ નં.જીજે.૦૧૨૦૯.

આર.કે.સોનારા.